



શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમનું મુખપત્ર
જુલાઈ-સપ્ટેમ્બર, ૧૩    અંક - ૪૭

Chheda foods

The Specialty Gourmet Food Store

DRY FRUITS | CONFECTIONARY | GIFT BOXES | JUICES & SQUASHES | SPICES | DAL & PULSES | RICE & WHEATS | BAKERY PRODUCTS | SAVOURIES | TEA | MOUTH FRESHNERS | DRY FRUIT GIFT HAMPER | CHOCOLATE GIFT HAMPER | DRY FRUIT GIFT BOX | SPICES GIFT BOX

" WE CHASE THE QUALITY & QUANTITY CHASES US"

Quality Food Healthy Life

For Franchise Enquiry & Other Enquiry
Contact Ph: 9790708433 Email: admin@chhedafoods.com
Website: www.chhedafoods.com



૩૦ વર્ષના કેટરીંગ ક્ષેત્રે
બહોળા અનુભવી

**કૃણાલ કેટરર્સ** (ખાર - વેસ્ટ) ની

**- શુભેચ્છા -**

યાદ કરી ઉજવજો ગૌરવ પ્રસંગ
કૃણાલ કેટરીંગ દ્વારા જામશે અનેરો રંગ

શુભ પ્રસંગોએ આમંત્રીતોની જામશે રંગત
વાનગીના રસથાળે કૃણાલ કેટરર્સ માંડશે પંગત

સાજન માજન માંડવે ભેગા થાય ત્યારે
આતિથ્ય ભાવ તો કૃણાલ કેટરર્સનો જ હોય

પૂજન, પહેડી, સગપણ, સંગીત સંધ્યા, લગ્ન પ્રસંગ,
ગેટ - ટુ - ગેધર, બર્થ ડે પાર્ટી તેમજ તપસ્યા સાંજી,
સ્વામિવાત્સલ્ય પ્રસંગે કૃણાલ કેટરર્સ રહેશે સદાબહાર....

**કૃણાલ કેટરર્સ** (ખાર - વેસ્ટ)

શોપ નં. ૨૦, હરી માર્કેટ, રોડ નં. ૪, રેલ્વે સ્ટેશનની સામે, ખાર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૨.
E-mail : krunalddh1@gmail.com

ચાંપશી કરમણ દેઢીયા 9224147687
નાની તુંબડીવાલા
કૃણાલ ચાંપશી દેઢીયા 9967227374

VAVAD વાવડ

Jul—Sep, 2013

Issue 47





## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખશ્રીનો સંદેશ | 2 |
| ૨. | તંત્રી સ્થાનેથી | 2 |
| ૩. | વાવડને પ્રત્યુત્તર-FROM YOU TO US | 3 |
| ૪. | ઘટકના વાવડ | 4 |
| ૫. | એક્કમના નેજા હેઠળ આગામી કાર્યક્રમ | 7 |
| ૬. | જીવન ચક્ર | 7 |
| ૭. | મહિલા MUNCH | 8 |
| ૮. | કોફી વિથ કિરણ | 9 |
| ૯. | એકલવ્યની વ્યથા | 9 |
| ૧૦. | કાવ્ય સરિતા | 10 |
| ૧૧. | EDITOR'S MESSAGE | 16 |
| ૧૨. | RHYTHM DOWNPOUR | 16 |
| ૧૩. | DESIGN COVER PAGE CONTEST & VIEWPOINT CONTEST | 17 |
| ૧૪. | 21 Blunders Investors need to avoid | 19 |
| ૧૫. | દીકરી સદાય દીકરી જ રહે છે | 21 |
| ૧૬. | આરોગ્ય વર્ધક કહેવતો | 22 |
| ૧૭. | The Law of Attraction | 24 |


## શ્રી દ.ભા.ક.વી.ઓ. જૈન એક્કમના હોદ્દેદારો

| નં | નામ | હોદ્દો | ઘટક | મોબઈલ નં |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | પ્રમુખ | બેંગલોર | 9341231959 |
| ૨. | શ્રી ચીમનલાલ લાલજી ગાલા | ઉપ- પ્રમુખ | આંધ્ર પ્રદેશ | 9441184718 |
| ૩. | શ્રી વિશનજી વીરજી ગંગર | ઉપ- પ્રમુખ | ચેન્નાઈ | 9380555999 |
| ૪. | શ્રી ધીરેન્દ્ર કાનજી ગંગર | ઉપ- પ્રમુખ | મદુરાઈ | 9366102838 |
| ૫. | શ્રી પંકજ વીરજી ગાલા | ઉપ- પ્રમુખ | યુ.કે.જી. | 9448137039 |
| ૬. | શ્રી ધીરજ કાનજી નાગડા | મંત્રી | બેંગલોર | 9845204260 |
| ૭. | શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | ખજાનચી | બેંગલોર | 9844056842 |

## વાવડના તંત્રીઓ

શ્રીમતી પ્રતિભા રસેશ સાવલા - 9900180922 શ્રીમતી ભાવના મનોજ વિછીવોરા - 9448460056

**VAVAD IS ALSO AVAILABLE ON ASANJOKUTCH.COM**

# પ્રમુખશ્રીનો સંદેશ



સ્નેહી મિત્રો,

"આવરે વરસાદ ગેબરીયો પ્રસાદ...
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક...."

નાના નાના ભૂલકાઓ આ ગીતનું ગુંજન કરે એટલે સમજી લેવાનું કે વર્ષા ઋતુનું આગમન થઈ ચૂક્યું છે. પાણીમાં છબછબીયા, મીઠી મધુરી માટીની સુવાસ અને ઝરમર ઝરમર વરસાદના અવાજનો લહાવો લેવો એટલે જીવનમાં મીઠાશ આવી જાય. યુવાન હૈયાઓ પણ પ્રેમ રસથી ભરપૂર રચનાઓ પ્રસારિત કરે.

"હે બરસાત ! તુ ઇતના મત બરસ કી વો આ ન સકે ઔર ....
આને કે બાદ ઇતના બરસ કી વો જા ન સકે"

આવી રચનાઓ હૃદયમાં ગુંજતી રહે છે.વરસાદ એટલે ભીંજાવવું...શેમાં? ક્યારે? કેવી રીતે? એ પોતાને નક્કી કરવાનું છે. તો તમેજ નક્કી કરો.

અગાઉ વાવડના અંકમાં તૂટતા જીવન લગ્ન માટે લખેલ તારવણી કરીએ તો મારા હિસાબે વધુ પડતું ભણતર. આજકાલ ભણતરનું પ્રમાણ બહુજ વધી ગયું છે. તેમાં વધુ ભણતર આપણી દીકરીઓનું છે. ભણે છે, સારુ છે. ભણતર હોવું જરૂરી છે. દીકરીના વડીલોને મારી નમ્ર વિનંતી કે.. દીકરીને ભણાવતા સાથે ગણાવો. એને એ રીતે પ્રોત્સાહિત ન કરો કે તારું ભણતર ભવિષ્યમાં કામ આવશે, સહારો આપશે. એવું વાતાવરણ અત્યારથીજ ઉપસ્થિત ન કરો. એને સમજ આપો કે તારું ભણતર ભવિષ્યમાં તારા કુટુંબને આર્થિક સંકટ આવે ત્યારે એ કુટુંબને મદદગાર રૂપ બનજે. કુટુંબમાં સ્થંભ તરીકે ઉભી રહેજે. આટલી સમજણ આવશે તો ઘણું પરિવર્તન આવશે. આ મારો અભિપ્રાય છે મારી વિચાર શ્રેણીના હિસાબે. દક્ષિણ ભારત એક્કમની વેબ સાઇટનું કાર્ય જોરદાર ચાલી રહ્યું છે. દરેક ઘટકના પદાધિકારીઓને ખાસ વિનંતી કે જે પણ વિગતો વેબ સાઇટ ના કો-ઓરડીનેટર દ્વારા મંગાવવામાં આવે તો સત્વરે મોકલતા રહેશો જેથી કાર્ય કરવામાં જોશ આવે. દરેક ઘટકના સાથ અને સહકારની અપેક્ષા રહેશે.

ગાલા કપ ટેનીસ બોલ ક્રિકેટ ની પ્રથમ ટુર્નામેન્ટ તા.૧૫-૧૬ જુન,૨૦૧૩ના રોજ મદુરાઈ ઘટકના આતિથ્યમાં પૂર્ણ થયેલ છે. આ ટુર્નામેન્ટમાં બેંગલોર, હૈદરાબાદ, ચેન્નાઈ અને મદુરાઈ એમ ચાર ઘટકોએ ભાગ લીધો હતો. છ લીગ મેચો રસાકસી પૂર્ણ હતી. હૈદરાબાદ અને મદુરાઈ ટીમો ફાઈનલમાં પ્રવેશી હતી. હૈદરાબાદ ટીમ વિજયી થઈ હતી અને મદુરાઈની ટીમ રનર્સઅપ થઈ હતી. બંને ટીમોને હાર્દિક અભિનંદન. "ગાલા કપ"ના સ્પોન્સર હતા બેંગલોરના શ્રી કિરણ પ્રેમજી ગાલા (ગાલા ગ્રુપ). શ્રી કિરણભાઈ નો ખૂબ ખૂબ આભાર. યજમાન ઘટક મદુરાઈનો પણ ખૂબ ખૂબ આભાર.

એક્કમના નેજા હેઠળ યોજાતા કાર્યક્રમોમાં દરેક ઘટકના સભ્યો સક્રિય રહેશો. વાવડ માટે રાખવામાં આવેલ સ્પર્ધાઓ- કવર પેજ ડ્રોઈંગ સ્પર્ધા તેમ જ વ્યુ પોઈન્ટ સ્પર્ધા માં ભાગ લેવા યુવાઓને તેમજ બાળકોને પ્રોત્સાહિત કરશો. દક્ષિણ ભારત કચ્છી વીસા ઓસવાલ જૈન એક્કમનું મુખપત્ર "વાવડ" નો પ્રથમ અંક જુન ૧૯૯૩ માં પ્રકાશિત થયેલ. આપ સૌને જણાવતા આનંદ થાય છે કે પ્રસ્તુત અંક ના પ્રકાશનથી "વાવડ" ૨૧ માં વર્ષમાં પ્રવેશ કરેલ છે જે આપણા સૌ માટે એક ગૌરવની વાત છે.

ગત ત્રણ માસ દરમ્યાન એક્કમના કોઈ પણ સભ્યનું કે સભ્યોના કુટુંબીજનનું દુ:ખદ અવસાન થયું હોય તો હાર્દિક શ્રધાંજલિ. પરમકૃપાળુ પરમાત્મા તેમને શાંતિ બક્ષે.

સાથ અને સહકારની અપેક્ષા સાથે ....એક મુહાવરો....

આપ સારા વકીલ છો તમારી ભૂલો માટે અને
આપ સારા જજ છો બીજાની ભૂલો માટે..

# તંત્રી સ્થાનેથી





જય જીનેન્દ્ર!!

સૌ વાચક મિત્રોને અષાઢી બીજ નિમિત્તે નવું વર્ષ મુબારક !

આ વખતનો અષાઢ ઉત્તરાખંડના પૂરનું પ્રચંડ સ્વરૂપ લઈને આવ્યો. મનુષ્ય કેટલાય શિખરો સર કરે છતાં કુદરત સામે લાચાર થઈ જાય છે. જીવનનું પોષક તત્વ એવું જળ આજે મનના સ્મૃતિપટ પર કેટલાય ચિત્રો ઉભા કરી દે છે.

માનવીનું બાળ સ્વરૂપ તે ઝરણું.

ઉમાશંકર જોશીએ બખૂબ કહ્યું છે:

ઝરણું ડુંગર કરાડ કૂદે,
ઝરણું વન વન ખીણ ખૂંદે,
ઝરણું મારગ ધોતું દુધે,
ઝરણું રમતું રમતું જાય,
ઝરણું રમતું રમતું આવે.

વરસતા વરસાદને જોઈને દરેક આશિકે ક્યારેક તો કહ્યુંજ હશે કે "સાવન આજ ઇતના બરસો કી મેરી મહેબૂબા જા ન પાયે." માનવ પ્રેમની ઉત્કટતાનું પ્રતિક એટલે વરસાદ.
શ્રી રામને નદી પાર કરાવતા ખેવટની શ્રદ્ધા તે માનવી માત્રની શ્રદ્ધા છે. ભક્ત છે તો ભગવાન છે. માનવ તો ફક્ત નદી પાર કરાવી શકે. ભગવાન ભવ પાર કરાવે.

અને છેલ્લે હાજી કાસમની વીજળી અને THOMAS ANDREWS ની TITANIC માનવીના અહંકારને ડૂબાડી રહે છે. અહંકારથી પતન છે. જ્ઞાનીની શિક્ષા છે કે જીતનું પહેલું પગથીયું તે અહંકારને જીતવું છે. બીજાના પતનને જોઈને એક શીખ જરૂર મળી રહે છે કે હું શોધું મારો અહંકાર ક્યાં છે?

જીવનમાં બાળકનું પ્રવેશ થતાંજ સૌથી પહેલો સંબંધ ઘરની સ્ત્રીઓ સાથે બંધાય છે. સ્ત્રીઓના લાડ-પ્યાર, જતન અને હાલરડાંથી જ તો તેનો પીંડ બંધાય છે અને આગળ જતા આ સ્ત્રી જગત તેનું નિકટનું થઇ રહે છે, જેમાં દાદી, નાની, માસી, ફોઈ, બહેન, મામી, કાકી, સખી, પત્ની, સાસુ, નણંદ, દેરાણી, જેઠાણી, પુત્રવધૂ વિગેરે કોઈપણ સ્ત્રી પાત્ર તેના ઘડતરમાં ફાળારૂપ બની રહે છે. આવા જ કોઈ સ્ત્રી પાત્ર આપના જીવનમાં પ્રેરણારૂપે રહ્યા હોય તો અવસર છે તેમને યાદ કરવાનો , શબ્દ રૂપે તેને વ્યક્ત કરવાનો. વય મર્યાદા નથી, શબ્દ મર્યાદા – ૫૦૦-૬૦૦ શબ્દ. આપની એન્ટ્રી અમને તા. ૨૫-૯-૨૦૧૩ સુધી vavad12@gmail.com પર આપના નામ, ફોન નંબર અને સરનામાં સાથે મોકલશો. ગુજરાતી અને ઈંગ્લીશ દરેકમાંથી એક બેસ્ટ એન્ટ્રીને ઇનામ Rs.750/- આપવામાં આવશે.

*~પ્રતિભા સાવલા*

---

## વાવડને પ્રત્યુત્તર

**FROM YOU TO US**

ખુબજ સુંદર અને આકર્ષક મુખપૃષ્ઠ .પાંચે ઘટકોના રંગોથી રંગાયેલ "વાવડ " ખરેખર અપ્રતિમ છે .કલાકાર બાળા શ્રીયા ને ખુબ ખુબ અભિનંદન .

ભારતીબેન સંગોઇ, મદુરાઈ

---

# "આનંદ" ધીરજલાલ કાપડિયા

"આનંદ" મારુ ઓલ ટાઈમ ફેવરીટ પીક્ચર છે. આજે અચાનક ટી.વી.પર આનંદને જોતા, ધીરજભાઈની યાદ આવી. આનંદ ઋીશીકેશ મુખરજીની કલ્પના હતી . પણ ધીરજભાઈ નું જીવન ખુબ સંવેદનશીલ વાસ્તવિકતા છે.
"જિંદગી ખૂબ લાંબી હોય તે મહત્વનું નથી. જેટલી પણ હોય તે પ્રવૃત્તિમય, આનંદમય અને ક્ષણે ક્ષણ માણી લેવી" એ સૂત્રને તેમણે સાર્થક કર્યું.

"આનંદ"માં માત્ર એના મિત્રોની અસહાયતા મુંઝવણ- હતાશા આપણે અનુભવીયે છીએ. જયારે ધીરજભાઈના સ્વજનો, લીલમભાભી, સુશીલ અને કલ્પનાબેનની કસોટી કેટલી વિકટ હશે? તેની કલ્પના પણ ન થઈ શકે. એમનું ધૈર્ય, હિંમત ખરેખર અલૌકિક અને અદભુત છે.

ધીરજભાઈ, આપે "દક્ષિણ ભારત"ના તકતા પરથી અચાનક એક્ઝીટ લઇ "ચીટીંગ" કરી. ખેર જયાં હશો ત્યાં સેવાનું ક્ષેત્ર – તકતો શોધી લીધો હશે ! મારા માટે એક નાનું – મોટું "પાત્ર" જરૂર રાખશો.
તમારું આદર્શ જીવન, અમારી જીંદગીની "પહેલીયો" સુલઝાવવામાં માર્ગદર્શક બની રહેશે.

- તમારો "મુરારીલાલ" કલ્યાણજી કુંવરજી સૈયા,ચેન્નાઈ

---

**STOP PRESS!**



શ્રી ખુશાલભાઈ લક્ષ્મીચંદ ગાલા, ઉ.વ.૬૦ શુક્રવાર તા. ૧૨-૭-૨૦૧૩ના રોજ સવારના તેમના નિવાસ સ્થાન હૈદરાબાદ મધ્યે ટૂંકી માંદગી બાદ અરિહંત શરણ થયા છે. તેઓશ્રી શ્રી દ.ભા.ક.વી.ઓ.જૈન એક્કમના ભૂતપૂર્વ ખજાનચી પદે હતા. ખુબજ સરળ સ્વભાવી અને પોતાના કામમાં ચોક્કસ એવા શ્રી ખુશાલભાઈના દુ:ખદ અવસાનથી એક્કમ અને આંધ્ર પ્રદેશ સમાજે એક સનિષ્ઠ કાર્યકરને ગુમાવ્યો છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને તેમના કુટુંબને આ શોક જીરવવાની શક્તિ આપે એજ અભ્યર્થના !!




# બેંગલોર ઘટક

### શ્રી ક.વી.ઓ.જૈન સમાજ-બેંગલોર

સમાજના સભ્યોની વાર્ષિક સભા રવીવાર તા. ૧૪-૪-૨૦૧૩ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે શ્રી ડી.વી.વી.ગુજરાતી શાળા મધે મળી હતી. ગત વર્ષ ૨૦૧૨-૧૩ ના હિસાબો ખજાનચી શ્રી રશ્મીકાંતભાઈએ રજુ કર્યા હતા જેને સર્વાનુમતે સ્વીકાર્યા હતા. સભ્યો પાસેથી આવેલા સુચનો વિષે ચર્ચા કરીને સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

### શ્રી ક.વી.ઓ. વનીતા વૃંદ:

શનીવાર તા. ૮-૬-૨૦૧૩ના રોજ સંસ્થાના ઉપક્રમે રાખવામાં આવેલ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. શ્રીમતી બિન્દુ અજીત ગડાએ ING VYSYAની ઇન્સુરન્સ પોલીસી વિષે માહિતી આપીને ફાઈનાન્સીઅલ પ્લાનીંગ કેવી રીતે કરી શકાય તેમજ તેને લગતી JOB OPPORTUNITIES વિષે સમજણ આપી હતી.
ત્યાર બાદ નેસ્લે કંપની દ્વારા કોકોનટ લડુ, નટી લોગ અને ચોકલેટ કેક નું ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.

---

# આંધ્ર પ્રદેશ ઘટક

એપ્રિલ અને મે માસમાં પરીક્ષાઓ, વેકેશન અને ઉનાળા ની ભરપૂર માર હોવાથી કાર્યક્રમોને પણ ફરજીયાત રજા પાડવી પડી.

તા.૧૫ , ૧૬ જુનના રોજ મદુરાઈ ખાતે યોજાયેલ ગાલા ક્રિકેટ ટુર્નામેન્ટ તથા એક્કમ કારોબારી મીટીંગમાં હૈદરાબાદ થી ૧૫ ખેલાડીઓ અને ૧૧ અન્ય સભ્યોએ ભાગ લીધેલ. હૈદરાબાદના રમતવીરોએ ખેલદિલીથી ક્રિકેટ રમેલ અને ટુર્નામેન્ટ ના અંતે વિજયી ઘોષિત થયેલ અને ગાલા કપ ટ્રોફી જીતેલ. હૈદરાબાદ ના ક્રિકેટરોને નિમ્ન લેખિત ઇનામો મેળવેલ અને ગાલા કપના વિજેતા બનવા કરતા નવા મિત્રો મેળવવાનો સંતોષ લઇ હૈદરાબાદ પાછા ફરેલ.

| | | |
|---|---|---|
| ૧. મેન ઓફ ધ મેચ | ૧ લી મેચ | હિરેન વીરા |
| ૨. મેન ઓફ ધ મેચ | ૨ જી મેચ | તરંગ કિરણ રાંભીયા |
| ૩. મેન ઓફ ધ મચ | ૩ જી મેચ | સંચિત પરેશ ગાલા |
| ૪. બેસ્ટ બોલેર ઓફ ધ સીરીઝ | | હિરેન વીરા |
| ૫. મેન ઓફ ધ સીરીઝ | | સંચિત પરેશ ગાલા |

૧૫ જુન સાંજના શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમની સભામાં હૈદરાબાદથી ત્રણ પદાધીકારીઓએ ભાગ લીધેલ અને અગત્યના મુદ્દાઓ પર ચર્ચા કરેલ.

૧૭ , ૧૮ જુન ના દિવસોએ હૈદરાબાદથી પધારેલ ૧૧ જણ અને બેંગલોર, મદુરાઈ અને ચેન્નાઈથી ૧૧ જણ એમ કુલ ૨૨ જણ મળીને કોડાઇકેનાલ ના રમણીય વાતાવરણમાં સમય ગાળી અને ભાઈચારાની લાગણી સાથે પાછા ફરેલ, જે કેટલાક વર્ષો સુધી અવિસ્મરણીય રહેશે.

તા. ૩૦ જુન રોજ હૈદરાબાદમાં કચ્છી વિસા ઓસવાલ સમાજ હૈદરાબાદ (આં.પ્ર) ની વાર્ષિક સામાન્ય સભા નું

આયોજન થયેલ તેમાં કેટલાક અગત્યના મુદ્દાઓ પર ચર્ચા થઈ અને છેલ્લે આગલા બે વર્ષ માટે નવા પદાધીકારીઓની ચુંટણી થઈ અને નીચે જણાવેલ વ્યક્તિઓને ચુંટાયેલ જાહેર કરવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| ૧. પ્રમુખ | શ્રી ચીમનલાલ લાલજી ગાલા | છસરા |
| ૨. ઉપ પ્રમુખ | શ્રી પોપટલાલ કેશવજી છેડા | ગોધરા |
| ૩. માનદ્ મંત્રી | શ્રી તારાચંદ મણીલાલ ધરોડ | પત્રી |
| ૪. ખજાનચી | શ્રી તલકશી ભાણજી ગડા | લઠેડી |
| ૫. સહ મંત્રી | શ્રી સુશીલ ધીરજલાલ કાપડીયા | પત્રી |

કારોબારી સમિતિના સભ્યો:

| | | |
|---|---|---|
| ૧. શ્રી નીતિન શિવજી ધરોડ | પ્રોગ્રામ સમિતિ | પત્રી |
| ૨. શ્રી વલ્લભજી મેઘજી સાવલા | વાવડ સમિતિ | ડેપા |
| ૩. શ્રી મહેન્દ્ર દેવશી વોરા | વાવડ સમિતિ | મુન્દ્રા |
| ૪. શ્રી મણીલાલ રામજી ધરોડ | સભ્યપદ સમિતિ | પત્રી |
| ૫. શ્રી પ્રવીણચંદ્ર મેઘજી કારાણી | સભ્યપદ સમિતિ | હાલાપર |
| ૬. શ્રી મનોજ હીરજી સાવલા | | બેરાજા |

કોપ્ટ સભ્યો:

| | |
|---|---|
| ૧. શ્રીમતિ લીલમબેન ધીરજલાલ કાપડીયા | પત્રી |
| ૨. શ્રીમતિ નિશા નીતિન ધરોડ | પત્રી |
| ૩. શ્રી દીર્ગેશ હિરજી નીશર | વડાલા |
| ૪. શ્રી રમણીક લીલાધર નાગડા | વરંડી |

વિશેષ આમંત્રિત : શ્રી જયેશ મોતીલાલ ગાલા- ઉનડોઠ, વિજયવાડા

ઉપર જણાવેલ ચુંટાયેલ ટીમ નવા કલેવર અને નવા વિચારો સાથે આગલા કાર્યક્રમોની યોજનાઓ ઘડવા તત્પર થઈ ગઈ છે.

શ્રી દ.ભા.ક.વિ.ઓ. જૈન એક્કમમાં આંધ્રપ્રદેશ ઘટક તરફથી નીચે મુજબના સભ્યો પ્રતિનિધિત્વ કરશે:

| | | |
|---|---|---|
| ચીમનલાલ લાલજી ગાલા | પોપટલાલ કેશવજી છેડા | તારાચંદ મણીલાલ ધરોડ |
| તલકશી ભાણજી ગડા | સુશીલ ધીરજલાલ કાપડિયા | નીતીન શીવજી ધરોડ |
| રમણીક લીલાધર નાગડા | પ્રવિણચંદ્ર મેઘજી કારાણી | |

# ઉત્તર કર્ણાટક ઘટક

## ગદગ

- તા.૭-૪-૨૦૧૩: ગદગ મહાજનશ્રીના ઉપક્રમે અત્રે વરસી તપ કરનાર ૧૯ તપસ્વીઓ માટે સાંજીનો કાર્યક્રમ કે.ડી.ઓ. પાર્શ્વહોલમાં રાખેલ. તેમજ વરસી તપના પારણા વ્યવસ્થામાં સહાય કરનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવેલ. છેલ્લે ક.દ.ઓ.જૈન મહાજનશ્રી તરફથી સ્વામીવાત્સલ્યને માન આપી સૌ છુટા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી હિતેન્દ્ર ખીમજી વીરાએ સાંભળેલ.
- તા.૧૨-૫-૨૦૧૩: અત્રે વરસી તપ કરનાર ૧૯ તપસ્વીઓએ મુંબઈ ગોરેગામ N.E.C. ગ્રાઉન્ડ મધે સામુહિક યોજાયેલ ઇક્ષુ-રસ પારણા કરી વરસી તપની આરાધના સુખશાતા પૂર્વક પૂર્ણ કરેલ.
- ૨૩-૬-૨૦૧૩: પ.પુ.સાધ્વીશ્રી સમયગુણાશ્રીજી તથા સાધ્વીશ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.ની પાવન નીશ્રામાં વરસી તપ તપસ્વી (૧૯) સંઘે શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા વાજતે ગાજતે વરઘોડામાં ફેરવી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરજીને અર્પણ કરેલ. દેરાસરમાં ભક્તિભાવની રમઝટ પછી સ્વામીવાત્સલ્યનો લાભ લીધેલ.

## મદુરાઈ ઘટક

## ગાલા ક્રિકેટ કપ ટુર્નામેન્ટ

કહેવાય છે કે આપણાં દેશમાં ધર્મનું બીજું નામ ક્રિકેટ છે. કેટલું સાચું એ તો ખબર નથી, પણ આપણે સૌ ક્રિકેટ પાછળ પાગલ છીએ એ હકીકત છે. તેથી અગર આપણાજ ક્રિકેટવીરો આપણાં ઘરઆંગણે રમતા હોય તો આપણાં માટે જાણે સોનામાં સુગંધ.

ગાલા કપ ટુર્નામેન્ટની પ્રથમ ટુર્નામેન્ટ મદુરાઈમાં તા.૧૫-૧૬ જુનના રોજ યોજવામાં આવેલ. ચાલો માણીએ આંખો દેખ્યો અહેવાલ. ચેન્નઈ, બેંગલોર, હૈદરાબાદ અને મદુરાઈ એમ ચાર ટીમોએ ભાગ લીધેલ.

| | |
|---|---|
| મેચ ૧. ચેન્નઈ v/s મદુરાઈ<br>વિજેતા : ચેન્નઈ<br>આ રસાકસી ભરી મેચમાં એક બોલ બાકી હતો ત્યારે ચેન્નઈ ૪ વિકેટ થી જીત્યું .<br>મેન ઓફ ધ મેચ :રાજીવ ગોગરી | મેચ ૨. બેંગલોર v/s હૈદરાબાદ<br>વિજેતા : હૈદરાબાદ<br>હૈદરાબાદ ૫૩ રન થી જીત્યુ<br>મેન ઓફ ધ મેચ : હિરેન વીરા |
| મેચ ૩. હૈદરાબાદ v/s ચેન્નઈ<br>વિજેતા : હૈદરાબાદ<br>હૈદરાબાદ ૩૦ રન થી જીત્યુ .<br>મેન ઓફ દ મેચ : હિરેન વીરા | મેચ ૪. બેંગ્લોર v/s મદુરાઈ<br>વિજેતા : મદુરાઈ<br>મદુરાઈ ૬ વિકેટ થી જીત્યું<br>મેન ઓફ દ મેચ : હર્ષ ભુજપુરિઆ |
| મેચ ૫. હૈદરાબાદ v/s મદુરાઈ<br>વિજેતા : મદુરાઈ<br>મદુરાઈ ૪ વિકેટ થી જીત્યું .<br>મેન ઓફ દ મેચ : હર્ષ ભુજપુરિઆ | મેચ ૬. ચેન્નઈ v/s બેંગ્લોર<br>વિજેતા : ચેન્નઈ<br>ચેન્નઈ ૨૭ રન થી જીત્યું .<br>મેન ઓફ દ મેચ : રાજીવ ગોગરી |
| મેચ ૭. ફાઈનલ **મદુરાઈ v/s હૈદરાબાદ**<br>**વિજેતા : હૈદરાબાદ**<br>હૈદરાબાદ ૨૭ રન થી જીત્યું .<br>મેન ઓફ દ મેચ : સંચીત ગાલા | **ટુર્નામેન્ટના - બેસ્ટ બેટ્સમેન** : હર્ષ ભુજપુરિઆ<br>**બેસ્ટ બોલર** : હિરેન વીરા<br>**મેન ઓફ દ સીરીઝ** : સંચિત ગાલા |

શનિવાર તા.૧૫-૬-૧૩ના સવારના ૧૦ વાગ્યે ખુશનુમાં વાતાવરણમાં બે ગ્રાઉન્ડ પર મેચ ની શરૂઆત થઇ. બીજા દિવસે ફાઈનલ રમયા બાદ સૌ જૈન વિદ્યાલયમાં મળ્યા. સાથે મળીને ભોજન કર્યા બાદ ઇનામ વિતરણ સમારંભ શરૂ થયો. બધી મેચોના મેન ઓફ ધ મેચ ને ઇનામ અપાયા અને તાળીઓના ગડગડાટ વચ્ચે હૈદરાબાદ ટીમને "ગાલા ક્રિકેટ કપ" ની ટ્રોફી એનાયત કરવામાં આવી, અને મદુરાઈ ટીમને રનર અપ ની ટ્રોફી એનાયત કરવામાં આવી. બધી ટીમોના કેપ્ટનઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા. તેમજ બધા ઘટકોના મહાનુભાવોએ પણ પોતાના વિચારો રજુ કર્યા. આ મેચેનું કવરેજ લોકલ ન્યુજ પેપર માં આવેલ .

## કોડાઈકેનલ ટ્રીપ

મદુરાઈ ગ્રુપે તા. ૧૭-૧૮-૧૯ જુનના કોડાઈકેનલમાં એક પીકનીકનું આયોજન કરેલ. ચેન્નઈથી ૪, બેંગલોરથી ૨, હૈદરાબાદ ૧૧ અને મદુરાઈથી ૫ જણા આ ટ્રીપમાં જોડાયા હતા. જતી વખતે બસમાં સ્તવન, ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી સૌએ આનંદ માણ્યો હતો. ત્યાં તડકો, ધુમ્મસ, ઠંડીની મઝા માણી. બોટિંગ, સાઈટ સીન, શોપિંગની સૌએ મઝા માણી.

## સેવા સમાજ

તા.૨૩-૬-૨૦૧૩ - JSG ના સંગાથે મુંબઈથી આવેલ શ્રી મણીલાલ છેડાના મધુર કંઠે ગવાયેલ ગીતો માણ્યા.

## થંડરબોલ્ટ્સ

તા. : ૨૩-૬-૨૦૧૩ ના ટ્રેજર હન્ટ રમાડવામાં આવી, જેમાં લોકેશન શોધવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો

હતો. ક્લુ શોધવા માટે તમિલમાં નામ લખવાના-કેક પર આઈસીંગ કરવાની-જીમમાં કેલેરી બર્ન કરવાની-સ્વીમીંગ પૂલમાં ડાઇવ કરવાનું વગેરે અવનવી ટાસ્ક રાખવામાં આવી હતી. આવા અનોખા ટ્રેજર હન્ટની સૌએ ખૂબ મજા માણી.

## મદુરાઈ નું ગૌરવ

તા.૧૩-૪-૨૦૧૩ ના કુ. ધ્વની નિલેશ રમણીક શાહનું "અરન્ગેત્રમ" નું કાર્યક્રમ સૌએ માણ્યુ. અરન્ગેત્રમ એટલે ભરત નાટ્યમનો ઉચ્ચ તબક્કો છે. એમાં ધ્વનીએ સિધ્ધી મેળવી છે. સંગીત ઉપરાંત બાસ્કેટબોલ, એથેલેટીક્સ, સ્વીમીગ અને ચિત્રકળામાં પણ ખુબ રસ ધરાવે છે. આમ નાની ઉમરે વિવિધ વિષયોમાં સારું જ્ઞાન અને સિધ્ધી મેળવી છે.

# એક્કમના નેજા હેઠળ આગામી કાર્યક્રમ

- તા.૧૯ અને ૨૦ ઓક્ટોબર,૨૦૧૩ના રોજ (subject to confirmation of the venue) ૧૮ વર્ષથી ઉપરના અપરણિત યુથ માટે સ્પોર્ટ્સ સ્પર્ધાઓ બેંગલોર ઘટક મધે યોજાશે. વધુ વિગત પરિપત્ર દ્વારા ઘટકોને જણાવવામાં આવશે.
- તા.૧૮ અને ૧૯ જાન્યુઆરી,૨૦૧૪ ના રોજ ગાલા કપ ટેનીસ બોલ ક્રિકેટ સ્પર્ધાની બીજી ટુર્નામેન્ટનું આયોજન બેંગલોર ઘટકે કરેલ છે. વધુ વિગત ઓક્ટોબર મહિનામાં પ્રકાશિત થનાર વાવડમાં જણાવવામાં આવશે.
- ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ધો.૧૦, ધો.૧૨, ગ્રેજયુએશન, પોસ્ટ ગ્રેજયુએશન અને પ્રોફેશનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની માહિતી ફોટા સહીત વાવડના ઓક્ટોબર મહિનાના અંકમાં આપવામાં આવશે. જેના માટે નીચે જણાવેલ લગુતમ યોગ્યતા ( Minimum Criteria) ગણવામાં આવશે:

  ધો.૧૦/S.S.C. (STATE BOARD/CBSE/ICSE) માં ૯૦% aggregate marks.

  ધો.૧૨ માં ૮૫%

  ગ્રેજયુએશન – B Com, B Sc, BA – ૮૦%

  અન્ય ગ્રેજયુએશન કોર્સ- ૭૫%

  પ્રોફેશનલ કોર્સ – પાસ થનાર વિદ્યાર્થીઓ

વધુ એન્ટ્રી આવતા લગુતમ યોગ્યતા (Minimum Criteria) માં ફેરફાર કરવામાં આવશે. એલીજીબલ (Eligible) વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ થયેલ પરીક્ષાની માર્ક્સ કાર્ડની ઝેરોક્ષ અને ફોટો પૂરા નામ સાથે પોતપોતાના ઘટકના કારોબારી સમિતિના સભ્યોને તા. ૨૦-૯-૨૦૧૩ સુધી આપવા વિનંતી.

## *પ ગ લી ના પા ડ ના ર*




### પુત્ર જન્મ

**ચેન્નાઈ ઘટક**

સ્મિતા વિશાલ ભરત દેઢીયા — નાની ખાખર

**મદુરાઈ ઘટક**

ઉમા નીલેશ રમણીક શાહ — બિદડા

## *સ ગા ઈ ની વ ધા ઈ*

**બેંગલોર ઘટક**

| | | |
|---|---|---|
| અભય દિલિપ મગનલાલ ધરોડ | પત્રી | બેંગલોર |
| જીનલ જતીન પોપટલાલ રાંભિયા | નાના ભાડીયા | મુંબઈ |

## *લ ગ્ન ની વ ધા ઈ*

**ઉત્તર કર્ણાટક ઘટક**

| | |
|---|---|
| રાહુલ મહેન્દ્ર ખીમજી વીરા | દેવપુર |
| એકતા દિપક શામજી ગાલા | ભુજપુર |

## *અ રિ હં ત શ ર ણ*

**બેંગલોર ઘટક**

| | | | |
|---|---|---|---|
| નેમચંદ ધનજી પાંચા લાલન | ગોધરા | ઉ.વ.૭૦ | |

**ઉતર કર્નાટક ઘટક**

| | | | |
|---|---|---|---|
| ગુણવંતીબેન સુંદરજી ગોસર | શેરડી | ઉ.વ.૭૫ | ગદગ |
| મંજુલાબેન મણીલાલ ગોગરી | વાંકી | ઉ.વ.૭૨ | હુબલી |

# મહિલા MUNCH



## શ્રી ક.વી.ઓ. વનીતા વૃંદ બેંગલોર દ્વારા યોજાયેલ જૈન શાકની સ્પર્ધામાં વિજેતા થયેલ રેસીપીઓ.

### જૈન હરિયાલી પનીર મખની

**ત્રીજું ઇનામ વિજેતા-શ્રીમતી અવની ચેતન ગડા,બેંગલોર. ૯૩૭૯૪૧૧૧૦૯**

**સામગ્રી :**

**પનીરને મેરીનેટ કરવા માટે :**

| | |
|---|---|
| પનીર | ૧૫૦ ગ્રામ |
| લીંબુનો રસ | ૧ ટેબલસ્પૂન |
| પાણી નિતારેલુ દહીં | ૨ ટેબલસ્પૂન |
| વાટેલા લીલા મરચા | ૧ ટીસ્પૂન |
| અદરખની પેસ્ટ | ૧ ટીસ્પૂન |
| ગરમ મસાલો | ૧ ટેબલસ્પૂન |
| જીરા પાવડર | ૧ ટી સ્પૂન |
| મીઠું | સ્વાદ પ્રમાણે |

**ગ્રીન મખની ગ્રેવી માટેની સામગ્રી :**

| | |
|---|---|
| લીલા ટામેટો | ૨ મીડિયમ |
| લીલું કેપ્સીકમ સમારેલું | ૧ મોટું |
| પાલક સમારેલી | ૧ જુડી |
| મેથી સમારેલી | ૧ જુડી |
| કાજુ | ૨ ટેબલસ્પૂન |
| ખસખસ | ૧ ટેબલસ્પૂન |
| વરિયાળી | ૧ ટેબલસ્પૂન |
| લીલા મરચા | ૪ થી ૫ |
| લવંગ | ૪ |
| એલચી | ૩ |
| અદરખ | ૧ ઇંચ |
| તજ | ૧ ઇંચ |
| ફ્રેશ ક્રીમ | ૪ ટેબલસ્પૂન |
| તેલ | ૩ ટેબલસ્પૂન |
| ઘી | ૫ ટેબલસ્પૂન |
| મીઠું | સ્વાદ પ્રમાણે |

**ગારનીશિંગ માટે : ક્રીમ**

રીત :

૧. પનીરના પીસને મેરીનેટ કરવા તેમાં લીંબુનો રસ, અદરખ તથા મરચાની પેસ્ટ, ગરમ મસાલો, જીરૂં, દહીં અને મીઠું નાખી મિક્સ કરી ૧/૨ કલાક માટે રાખી દો.

૨. લીલા ટામેટાને આખેઆખા એક વાસણમાં થોડું પાણી નાખી ઉપર ઢાકણ ઢાંકી ૧૫-૨૦ મિનિટ બાફી લો. પછી તેની છાલ કાઢી પીસી લો.

૩. એક કઢાઈમાં ૧ ટેબલસ્પૂન તેલ ગરમ કરી તેમાં કેપ્સીકમ, પાલક, મેથી અને લીલા મરચા નાંખી જરાક સાંતળો. તે ઠંડુ થઇ જાય પછી તેમાં કાજુ, ખસખસ, વરિયાળી, તજ, લવંગ, એલચી અને અદરખ નાંખી પીસી લો.

૪. હવે ૫ ટેબલસ્પૂન ઘી ગરમ કરી તેમાં ઉપર પીસેલો મસાલો નાંખી ૨ મિનિટ રાંધો.

૫. તેમાં ટામેટો પ્યુરી નાંખી તેલ છુટું પડે ત્યાં સુધી રાંધો.

૬. એક કઢાઈમાં ૨ ટેબલસ્પૂન તેલ ગરમ કરી તેમાં મેરીનેટ કરેલું પનીર નાંખી તે બદામી થાય ત્યાંસુધી સાંતળો.

૭. આ પનીરને ગ્રેવીમાં નાંખી ૧ મિનિટ રાંધો.
૮. આમાં ફ્રેશ ક્રીમ નાંખી જરા હલાવી નીચે ઉતારી લો.
૯. ઉપર ક્રીમ નાંખી પરાઠા અથવા રોટલી સાથે ગરમાગરમ પીરસો.

## કિચન ટિપ્સ

- મેંદુવડા બનાવતી વખતે તેલમાં એક ટી-સ્પૂન ઘી નાંખવાથી તે વધારે ક્રીસ્પી થશે અને તેલ ઓછુ પીશે.
- ઠંડીની સિઝનમાં ઈડલી-ઢોસાનો આથો સારો આવે તેની માટે ખીરાના વાસણને ફ્રીજના વોલ્ટેજ સ્ટેબીલાઈઝર પર સવારના રાખી દો. સાંજ સુધી આથો સારો આવી જશે.
- કોફી બનાવતી વખતે તેમાં જરાક બોર્નવિટા નાંખવાથી તે વધારે સ્વાદિષ્ટ લાગશે.

ઈલા નીતિન મોતા, બેંગલોર.

**નીચેના શબ્દો માટે કચ્છી શબ્દ લખો :**




(જવાબ: Page 18)

| | | | | |
|---|---|---|---|---|
| ૧. બહેનપણી | ૨. રાતનું જમણ | ૩. ગાય | ૪. નદી | ૫. દરવાજો |
| ૬. જાનનો ઉતારો | ૭. તરસ | ૮. રેતી | ૯. રોટલી રાખવાનો ડબ્બો | ૧૦. ભેંસ |
| ૧૧. સવારનો નાસ્તો | ૧૨. સફેદ | ૧૩. લાડો | ૧૪. કાળા વાદળા | ૧૫. ગાલ |
| ૧૬. મોજડી | ૧૭. બાથરૂમ | ૧૮. લાડકી | ૧૯. કપડા | ૨૦. બેલગાડી |
| ૨૧. ચાર રસ્તા | ૨૨. રોટલી | ૨૩. નાની ચટાઈ | ૨૪. શીંગ | ૨૫. પોતાનું વાહન |
| ૨૬. વરસાદ | ૨૭. કાંદો | ૨૮. લાલ | ૨૯. શાકનો રસો | ૩૦. ભોળો |
| ૩૧. ચાય | ૩૨. ગાય, ભેંસ | ૩૩. ચુપ થઈ જા | ૩૪. મોટી પેટી | ૩૫. નાનો ખાટલો |

# એકલવ્યની વ્યથા

જુન મહિનો આવે એટલે વાલીઓની એડમીશન માટેની દોડાદોડ .આ દોડાદોડ જોતા મહાભારત ની કથા યાદ આવે છે .

કૌરવ -પાંડવ ના ગુરૂ દ્રોણાચાર્ય રાજકુમારોને ભણાવી રહ્યા હતા. ત્યારે એક ભીલ કુમાર એકલવ્ય ત્યાં આવ્યો અને કહ્યું, "ગુરૂદેવ મને પણ શીખડાવો". એકલવ્ય તરફ જોતા દ્રોણાચાર્ય બોલ્યા, "હું ફક્ત ઉચ્ચ કુળના કુમારોને જ ભણાવું છું. તુ તો ભીલ કુમાર છે. નીચ જાતીનો છે. તને નહિ ભણાવી શકું." એકલવ્ય નિરાશ થઇ ગયો. અને એણે ત્યારેજ નક્કી કર્યું કે હવે નીચ કુળમાં જન્મ નથી લેવો. હવે ઉચ્ચ કુળમાં જ જન્મ લઇશ.

એકલવ્યે હવે બ્રાહ્મણ કુળમાં જન્મ લીધો. બારમીની પરીક્ષામાં ૮૫% માર્ક્સ પણ મેળવ્યા. અને ખુશી ખુશી પ્રિન્સિપલ પાસે ગયો. એણે મેડીકલ માં એડમીશન માટેનું એપ્લીકેશન આપ્યું. ચશ્માંમાંથી જોતા પ્રિન્સીપાલ બોલ્યા ,"સોરી, તને એડમીશન મળી શકે તેમ નથી. તું ઉચ્ચ કુળનો છે. અગર તું નીચ કુળનો હોત તો આટલા માર્ક્સમાં તને એડમીશન જરૂર આપી દેત."

એકલવ્ય વિચારમાં પડી ગયો. દ્રોણાચાર્યે નીચ કુળનું છું એટલે ન ભણાવ્યું અને પ્રિન્સિપાલે ઉચ્ચ કુળનું છું એટલે એડમીશન ન આપ્યું. **આવું કેમ ?**

ભારતી કિશોર સંગોઇ, મદ્રાઈ.

## "મ"ના પ્રાસમાં કચ્છી મુક્તક

મલી, ફરે મલેજો મન થીયે એળા માડુ કડાં મલેતા
મું કે મુઝ પઈ ત, મરી ફૂટે એળા ભેરૂ કડાં મલેતા
મૂં મુઝેજી મમ્મત મેં મંધ્યો મનેખ મનખો હીંજ વનાય
માંયલે કે મલેજી મુરાદ થીયે પુરી, એળા ગુરૂ કડાં મલેતા.

મું=હું, મુઝ=તકલીફ, ભેરૂ=મિત્ર, મમ્મત=ભાવના, મનેખ=માનવી, મનખો=જીવન, માંયલો=આત્મા, મુરાદ=ઈચ્છા

કચ્છી કવી માધોબાપાને અર્પણ-૨૦૧૧

**કલ્યાણજી કુંવરજી સૈયા,ચેન્નાઈ**.

## તીર્થનું સરનામું બા

નાના સરખા એક શબ્દનો આભ જેવડો અર્થ
તમે તિર્થનું સરનામું બા અમે ભમીએ વ્યર્થ,
મમતા માખણ લીંપી-ગુંપી, પોતે રાબ રોટલા ખાધા
રમતાં, રડતાં, ચઢતાં, પડતાં નજર દોરથી બાંધ્યા,
છીંકે, ઠેસે ખામ્માં કહેતું સ્મરણ પણ શું સમર્થ.
તડકા-છાય ખમીં-ખમીને વેલ ઝુકે છે જેમ
માડી તારી એકજ મોસમ પ્રેમ, પ્રેમ, પ્રેમ.
સપનામાં જો સાદ કરું તો "બેટા " બોલે તર્ત,
નાના સરખા એક શબ્દનો આભ જેવડો અર્થ.

**સંકલન : શ્રીમતી વાલબાઈ કારાણી. બેંગલોર.**

## પિતા

"માં" ઘરનું ગૌરવ તો "પિતા" ઘરનું અસ્તિત્વ હોય છે .
"માં"ની પાસે અશ્રુની ધારા તો "પિતા" પાસે સંયમ હોય છે .
બે સમયનું ભોજન "માં" બનાવે છે .
પણ જીવનભરના ભોજનની વ્યવસ્થા "પિતા" કરે છે .
"પિતા" ને આપણે સહજ ભૂલી જઈએ છીએ .
ક્યારેક જો ઠોકર લાગે તો ....
આપણા મુખે થી "ઓ ....માં" એમજ નીકળે છે ,
પણ રસ્તો પાર કરતાં કોઈ ટ્રક પાસે આવીને બ્રેક મારે તો .....
આપણાં મુખેથી "ઓ .....બાપ રે " નીકળી જાય છે .
કેમ કે નાના નાના સંકટો માટે "માતા" છે .
પણ મોટા સંકટો આવે છે ત્યારે "પિતા "જ યાદ આવે છે .
"પિતા " એક ઘટાદાર વૃક્ષ છે જેની છત્રછાયામાં
આખો પરિવાર સુખેથી રહે છે .
"ફાદર્સ ડે " નિમિત્તે " પિતા " ને અર્પણ .

**સંકલન :ભારતી સંગોઇ, મદુરાઈ** .



The Landmark of Madurai...
for a Cheerful Shopping Experience
Milan'em Mall
Super Market | Branded Outlets | Food Court | Theaters | Kid's Play Area
milan
M·Mart
milan SHOPPE
Roopam

# GALA TENNIS BALL CRICKET TOURNAMENT 2013 . 15–16 JUNE 2013. MADURAI



**The Glittering GALA Trophies**



**Team Hyderabad (Winners)**



**Team Madurai (Runners Up)**



**Team Chennai**



**Team Bangalore**



**Man of the Series: Sanchit Gala, Hyderabad**

# GALA TENNIS BALL CRICKET TOURNAMENT 2013 . 15–16 JUNE 2013. MADURAI



**The Actual Players!**



**Sponsor Sri Kiran Gala**



**Victorious Return**



**At the Awards Ceremony**



**Guests with Hosts**



**When's Dinner ... we're waiting...**

DeeJay

# SHA DAMJI JADAVJI & CO.

GENERAL MERCHANTS & COMMISSION AGENTS

Neeligin Road, Hubli - 580 029.
Tel. : (0836) 2352364, 2250111

| | | | | | |
|---|---|---|---|---|---|
| | : 9448366364 | (R) 2362364 | Arvind | : 9343401074 | (R) 2362564 |
| Virendra | : 9243281264 | (R) 2366364 | Ashwin | : 9448190664 | (R) 2363064 |

# geeta Plastics

Manufacturers : Plastic House Hold & Industrial Products

Neeligin Road, Hubli - 580 029.
Tel. : (O) 2250111, (R) 2366364

*Virendra Damji Chheda*
: 9243281264.

## BEHIND GLASS DOORS

*The theme for this poem is 'Behind Glass Doors' and I have interpreted this theme as a metaphor for the hypocrisy and judgement that is part of the normal human nature.*

Voices hush as I walk in to a room
Piercing eyes follow my every single move
They search for that one little thing
Just search for that one fatal flaw
They don't realise that they judge me from behind glass doors.

My father's not rich enough
I pray to a different God
My skin colour's not right
Oh, and my accent is just wrong
That may be so, my dear
But you're standing behind a glass door.

No helping hand, no sympathy
Not a friendly face I see
Each one thinks they're different
That they're so much better than me
They don't know that they are
But behind glass doors.

Look at me, Talk about me
Oh, judge me all you want
Go ahead and pretend
Feign ignorance, go on
'Cause you're not perfect, not even close
Behind your glass doors.

For you're not better
You're not worse
Or even that different
Than those you judge
On the inside we're all the same
We're human, all of us.

**-Jaini Paresh Gala,Bangalore.**

---

## "પાગલ"

**~કલ્યાણજી કુંવરજી સૈયા, ચેન્નાઈ**

છું શાયર શાયરીનું ગુમાન રાખું છું
હું મારી શાયરીમાં અનોખી શાન રાખું છુ
છે મુઝમાં દુનિયાનું ડહાપણ
તોય આજ "પાગલ" ઉપનામ રાખું છુ

આ, જવાનોના જીગરની વાત જાણું છુ
હું શાયરીમાં પ્રિતના તુફાન રાખું છુ
જશે વ્યર્થ, સૌ નજરોના તીર
હું દિલનું મજબુત સુકાન રાખું છુ.

છે દિલમાં મારા ફરિયાદ લાખો
પણ સદાયે દિલમાં મૌન રાખું છુ
દર્દ ખુબ ભર્યું છે આ જીગરમાં
તોય હોઠે હાસ્ય , ને કાંઠે ગાન રાખું છુ

# EDITOR'S MESSAGE

## FROM ME TO YOU ...



The Summer heat has taken a backseat and the aroma of the rain soaked earth that's in the air is soothing our nerves and giving us the perfect feel of the monsoon. The dull browny shades of the earth slowly vanishing to shiny green and eventually giving the earth a greener than green fresh, young, livelier look.

In monsoon it is really pleasing to watch the trees. They sway like graceful dancers in a soulful rhythm, hand-in-hand with the carefree wind, happiness sprouting out with every move. Their happiness touches our heart so instantaneously, that this marveling sight releases all our pent up emotions and takes us into an ultimate joy zone . The rains are such a blessing, flushing life into the earth and flora and fauna.

The monsoon brings in the dance of the peacock, the croaking of the frogs, the 'jhulas' – it is a season to enjoy nature's melody and make merry. The pleasant gentle drizzle, the bing bang and roar of the clouds, the pitter-patter down the window-pane and sometimes the hide and seek with the sun bringing out a lovely rainbow – the moods of the rain are varied and I think monsoon is one season that whets our imagination the most!! And to add to all this beauty are the crispy tantalising 'pakoras' and the golden roasted corn. 'Adrakwala chai' and 'pakoras' is almost a monsoon mantra, and along with this if you have your favourite book in hand, you are sure to become a couch potato. The grey skies do make the human bones lazy in total contrast to the energetic mood of nature!

Every monsoon the child in me gets tempted to make small paper boats and I steal away to the terrace to sail my boat. The mind unfailingly flashes back the lines of the poem 'Paper Boats' by Ravindranath Tagore, learnt in school , wherein the dream of a small boy floats with his boat...

Day by day I float my paper boats
one by one down the running stream
In big black letters I write my name on them
And the name of the village where I live.......

In childhood we would write our names on our paper boats, race them along and wait a long way to see whose boat sailed the farthest. Sad to say the modern day gadgets have snatched this innocent child play from our children.

Monsoon is nature's way of conveying – make a new beginning – rejuvenate, revive, rejoice!! So our ancestors have taken the right message from Nature to begin our new year in Monsoon. 'Saal Mubarak' to all of you , may you have a happy and peaceful year ahead. Be happy and make merry.

A big big thanks to all the members of the Ekkam Committee who have sent us loads of compliments for Vavad. It really means a lot to us and has motivated us to give our very best. Thank you once again for all the support and co-operation.

Bhavana Vichhivora.

## RHYTHM DOWNPOUR

Jugalbandi: Pt. Ravi shankar and Ustad Ali Akbar Khan. (Tabla: Ustad Alla Rakha and Zakir Hussain)

In memory of Late Ustad Allaudin Khan saheb, a must listen for every Indian classical music lover. Every aspect of this recording is just beyond words. It can take people into divinity within no time. The aalap and gats are masterpiece in themselves.

LINK : http://www.youtube.com/watch?v=I1nKVExbewM

Happy Listening!!

Sagar Chheda, Bangalore.

# DESIGN COVER PAGE CONTEST



વાવડ એપ્રીલ ~ જુન-૨૦૧૩ અંકના મુખ પૃષ્ટ ચિત્ર (ડ્રોઈંગ) સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોના નામ :

૧. દીયા જુગલ વીરા, બેંગલોર   ૨. એકતા દીપક વીરા, બેંગલોર   ૩.ઉદીતી નીલેશ દેઢિયા, બેંગલોર

૪. પ્રેરણા ભાવેન સાવલા, બેંગલોર   ૫. યશીતા જયેશ દેઢિયા, હૈદરાબાદ.



**સ્પર્ધાના વિજેતા: યશીતા જયેશ દેઢિયા, હૈદરાબાદ**

**Winner: YASHITA JAYESH DEDHIYA, HYDERABAD**

You are welcome to put up your art skills for the next cover page. Kids in the age group 8- 12 years can participate. All you have to do is create a cover page on the theme - **Diwali.** The best drawing will be selected as the cover page for the next issue of Vavad. We must receive your cover page with the details regarding your name, age and city by 25-9-2013. You may send it to us at: Bhavana M Vichhivora, c/o L.K & SONS, 15 Kirana Complex, APMC Yard, Yeshwantpur, Bangalore 560022. Contact number – 9448460056.

*Note : All the entries received for the last contest have been put up on e-vavad.*

# TOPIC FOR VIEWPOINT … 'I OWE IT TO HER…'

A woman is the epitome of love, tenderness, care, courage and wisdom. A woman is the full circle. Within her is the power to create, nurture and transform. If there's been a woman who has made a difference in your life…. a remarkable positive influence, then share the story with us. She could be in any role …. Grandmother, mother, aunt, wife, sister, teacher … or just any other relationship.

You can write to us either in Gujarati or English. The word limit is 500-600 words. No age bar. We must receive your entry by 25.9.13. Email your entries to vavad12@gmail.com with your name, address and contact number. The best entry each from English and Gujarati will be awarded a cash prize of Rs.750.

Here are the two winning entries for the Viewpoint contest announced in the previous issue. The topic was ' **IPL and India'**

## 1st Winner:

*India is the land of cricket. Cricket-crazy Indians spend hours in front of the TV to relish a cricket match and accept heroes on the field as their role models. Though, there have been many controversies yet the popularity of cricket has remained intact. Cricket matches are still something like grand feasts to eyes and mind. We Indians haven't really separated ourselves from cricket.*

*You would have thought that a country as cricket-mad as India claims to be would be able to fill its cricket stadiums. But that clearly wasn't the case in the World Cup and it's even worse for Test matches. The IPL succeeds in India where the two older forms of cricket fail. That obviously has much to do with the format — a three-hour game is easier to fit in a spectator's diary than a five-day one. The action is more immediate, close finishes are commonplace and inventive batting is the norm. The IPL caters for short attention spans. It is like a convenient, well-packaged ready meal, while the 50-over version is more of a sit-down dinner and Test cricket is a lengthy buffet.*

*IPL is an exciting proposition, no doubt, as it is taking cricket into an unchartered territory. It gives a chance to raw talent and has increased back strength of Indian cricket with many new players doing well in this format. Besides, IPL provides a good chance to all countries to participate and play as a team without any barriers, which in turn fosters a friendly relationship. It's definitely business all the way, but as long as it manages to provide clean entertainment, enthralls people and doesn't tarnish the real spirit of the sport it's surely going to retain its popularity and go a long way.*

*It is not worthwhile blasting the IPL for having rich owners and Bollywood stars. The fact is they have the*

